GJVD020269192023

## વડોદરાના મ્હેરબાન જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (ત્રીજી કોર્ટ) સમક્ષ

**ગુ.મુ.નં. ૧૯૧૦૯/૨૦૨૩**

**<u>ફરીયાદી</u>** – શ્રી સરકાર

વિરુધ્ધ

**<u>આરોપી</u>** – અરબાજઅલી સાગીરઅલી સૈયદ
રહે. મ.નં.૬૮૩/એ, રેલવે કોલોની ડી કેબીન,
મહાદેવ મંદિર, નવાયાર્ડ, ફતેગંજ, વડોદરા

**<u>ગુન્હો – ઈ.પી.કોડની કલમ ૪૨૭ તથા ડેમેજીસ ટુ પબ્લીક પ્રોપર્ટી એકટ કલમ ૩ મુજબ.</u>**

(૧) ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટના કોલમ નં.પ માં જણાવ્યા મુજબનો ગુનો કર્યા બાબતની ચાર્જશીટ અત્રેની અદાલતમાં મુકવામાં આવેલ છે. જે અન્વયે આરોપી અદાલતમાં હાજર થતાં આરોપીને કેસના કાગળોની નકલો આપવામાં આવેલ છે. તેમજ તેઓનું કોર્ટ રુબરુનું નીવેદન લેતા તેઓએ તેની સામેનો ગુનો કબુલ કરેલ છે અને કબુલાત પુરશીશ પણ આપેલી છે. તેમજ આરોપીએ તેમના ગુના સબંધમાં જણાવેલ છે કે તેઓ ગરીબ વર્ગના છે, કુટુંબના સભ્યોની જવાબદારી તેમના માથે છે. ભવિષ્યમાં આવો ગુનો નહીં બને તેની ખાત્રી આપે છે. તેમજ દયા રાખી ઓછામાં ઓછી સજા કરવા વિનંતી કરેલી છે. આમ સમગ્ર હકીકતો લક્ષમાં લેતાં તેમજ કાયદાનો રીફોરમેટીવ હેતુ લક્ષમાં રાખી ન્યાયનાં વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–હુકમ–</u>**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કો.ક.૨૫૨ અન્વયે તેમની સામેના ગુના <u>ઈ.પી.કોડની કલમ ૪૨૭ તથા ડેમેજીસ ટુ પબ્લીક પ્રોપર્ટી એકટ કલમ ૩</u> સબબ

તકસીરવાર ઠરાવવામાં આવે છે. તેમજ તેઓને તેમની સામેના ગુના સબબ સંયુક્ત રીતે કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂ.૧૦૦૦/– (અંકે રૂપીયા એક હજાર પુરા) દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો આરોપીને દિન–૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ:૦૯.૦૯.૨૦૨૩ ના રોજ લોક અદાલત/સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯.૦૯.૨૦૨૩

**(નીરજ કુમાર યાદવ)**
જયુડી. મેજી. ફ. કલાસ, થર્ડ કોર્ટ
વડોદરા.
**કોડ: જી.જે.૦૧૪૦૯**

(વી. બી. ભટ્ટ–સ્ટેનોગ્રાફર)

પા.નં.

દંડ રૂા.

તા:૦૯.૦૯.૨૦૨૩